# યુએસ ઓપન: સિનર બુબ્લિકને હરાવી ક્વાર્ટર ફાઈનલમાં

**સિનરે** માત્ર 1 કલાક 21 મિનિટમાં મેચ જીતી, આજે તેનો મુકાબલો લોરેન્ઝો મુસેટ્ટી સામે થશે

**ફેલિક્સ** ઓગર અલિયાસિમેએ આન્દ્રે રુબલેવને હરાવ્યો

**એલેક્સ** ડી મિનોર પણ છેલ્લા આઠમાં પહોંચ્યો

ન્યૂયોર્ક, તા. 2 (એપી): યાનિક સિનરે સોમવારે રાત્રે એલેક્ઝાન્ડર બુબ્લિકને 6-1, 6-1, 6-1થી હરાવીને યુએસ ઓપન ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

ટોચના ક્રમાંકિત સિનરે ફક્ત 1 કલાક, 21 મિનિટમાં મેચ જીતી હતી, જે ટુર્નામેન્ટમાં બીજી સૌથી ટૂંકી પૂર્ણ થયેલી મેચ હતી.

સિનર જૂનમાં જર્મનીના હેલેમાં વિમ્બલ્ડન પહેલા એક વોર્મ-અપ ટુર્નામેન્ટમાં બુબ્લિક સામે હારી ગયો હતો, પરંતુ તે ગ્રાસ કોર્ટ પર રમાઈ હતી. હાર્ડ કોર્ટ પર ડિફેન્ડિંગ યુએસ ઓપન ચેમ્પિયનને હરાવવાનો પ્રયાસ કરવો એ સંપૂર્ણપણે અલગ બાબત છે, અને આજકાલ લગભગ અશક્ય છે. સિનરે હાર્ડકોર્ટ પર સતત 25 ગ્રાન્ડ સ્લેમ મેચ જીતી છે.

બુધવારે ક્વાર્ટર ફાઈનલમાં તેનો મુકાબલો ઈટાલીના લોરેન્ઝો મુસેટ્ટી સામે થશે.

અન્ય એક મેચમાં 25મા ક્રમાંકિત કેનેડિયન ફેલિક્સ ઓગર અલિયાસિમેએ આન્દ્રે રુબલેવને 7-5, 6-3, 6-4થી હરાવ્યો.

ઓસ્ટ્રેલિયાનો એલેક્સ ડી મિનોર પણ છેલ્લા આઠમાં પહોંચ્યો હતો. ડી મિનોર હવે ઓગર એલિયાસીમ સામે ટકરાશે.

## વિનસ વિલિયમ્સ મહિલા ડબલ્સની ક્વાર્ટર ફાઈનલમાં

ન્યૂયોર્ક, તા. 2 (એપી): અમેરિકન દિગ્ગજ ખેલાડી વિનસ વિલિયમ્સે લેયલા ફર્નાન્ડીઝ સાથે યુએસ ઓપન મહિલા ડબલ્સ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો.

વિનસે તેની નાની બહેન સેરેનાને તેની મેચ જોવા આવવા કહ્યું છે. વિનસ અને લેલાએ 12મી સીડ ઘરાવતી એકટેરીના એલેક્ઝાન્ડ્રોવા અને ઝાંગ શુઆઇને 6-3, 6-4થી હરાવી હતી. હવે તેમનો મુકાબલો ટોચની ક્રમાંકિત ટેલર ટાઉનસેન્ડ અને કેટેરીના સિનિયાકોવાની જોડી સામે થશે.

## નાઓમી ઓસાકા કોકો ગફને હરાવી ક્વાર્ટર ફાઈનલમાં

**સ્વિટેક** અને અનિસિમોવા પણ ક્વાર્ટર ફાઈનલમાં

ન્યૂયોર્ક, તા. 2 (એપી): જાપાનની નાઓમી ઓસાકા અને પોલેન્ડની ઇગા સ્વિટેકે યુએસ ઓપન મહિલા સિંગલ્સ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો.

ઓસાકાએ અમેરિકાની કોકો ગફને 6-3, 6-2થી હરાવી, ચાહકો આ બે ખેલાડીઓ વચ્ચેની મેચ જોવા બહુ જ આતુર હતા. જ્યારે સ્વિટેકે એકટેરીના એલેક્ઝાન્ડ્રોવાને 6-3, 6-1થી હરાવી.

ઓસાકા 2021 પછી પહેલી વાર કોઈ ગ્રાન્ડ સ્લેમની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી છે. હવે તેનો સામનો ચેક રિપબ્લિકની કેરોલિના મુચોવા સાથે થશે. તે જ સમયે, સ્વિટેકનો સામનો અમાન્ડા અનિસિમોવા સાથે થશે, જેને સ્વિટેકે વિમ્બલ્ડનની ફાઇનલમાં 6-0, 6-0થી હરાવી હતી.

અનિસિમોવાએ 16મા ક્રમાંકિત બીટ્રીઝ હદાદ મીચાને 6-0, 6-3થી હરાવી.

## આંતરરાષ્ટ્રીય T20માંથી મિચેલ સ્ટાર્કે નિવૃત્તિ લીધી

**સ્ટાર્ક** આગામી એશિઝ, ભારતમાં ટેસ્ટ સિરીઝ, 2027માં વનડે વર્લ્ડકપ અને IPL જેવી મોટી ઇવેન્ટ્સ માટે ફિટ રહેવા માગે છે

બ્રિસબેન, તા. 2 (પીટીઆઈ): ઓસ્ટ્રેલિયાના અનુભવી ફાસ્ટ બોલર મિશેલ સ્ટાર્કે ટેસ્ટ અને વનડે આંતરરાષ્ટ્રીય ફોર્મેટ પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી દીધું છે.

ઓસ્ટ્રેલિયાની મુખ્ય ફાસ્ટ બોલિંગ ત્રિપુટીના (પેટ કમિન્સ અને જોશ હેઝલવુડ સાથે) મહત્વપૂર્ણ સભ્ય સ્ટાર્કે આગામી એશિઝ, ભારતમાં ટેસ્ટ સિરીઝ અને 2027માં વનડે વર્લ્ડકપ અને IPL જેવી મોટી ઈવેન્ટ્સની તૈયારીને ધ્યાનમાં રાખીને રમતના સૌથી ટૂંકા આંતરરાષ્ટ્રીય ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી.

પોતાની ઝડપી ગતિ, કમાલની સ્વિંગ, ઘાતક યોર્કર અને ખતરનાક બાઉન્સર માટે પ્રખ્યાત, સ્ટાર્કે 65 T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં 79 વિકેટ લીધી છે. તે એડમ ઝામ્પા (103 મેચોમાં 130 વિકેટ) પછી આ ફોર્મેટમાં ઓસ્ટ્રેલિયાનો બીજો સૌથી સફળ બોલર છે.

પાંત્રીસ વર્ષીય સ્ટાર્કે કહ્યું કે ટેસ્ટ ક્રિકેટ તેની પ્રાથમિકતા છે અને તેણે આગામી બે વર્ષના વ્યસ્ત આંતરરાષ્ટ્રીય શેડ્યૂલ માટે ફીટ અને તૈયાર રહેવું પડશે.

ન્યૂઝીલેન્ડ સામે 1 ઓક્ટોબરથી શરૂ થઈ રહેલી 3 મેચોની સિરીઝ માટે જાહેર કરાયેલી ટીમમાં સ્ટાર્ક અને ટેસ્ટ કેપ્ટન પેટ કમિન્સનું નામ નથી.

**મિચેલ સ્ટાર્કની આંતરરાષ્ટ્રીય ટી-20માં કારકિર્દીના આંકડા**

| ફોર્મેટ | મેચ | ઈનિંગ | રન | વિકેટ | શ્રેષ્ઠ | 4w | 5w |
|---|---|---|---|---|---|---|---|
| T20 આંતરરાષ્ટ્રીય | 65 | 65 | 1881 | 79 | 4/20 | 1 | 0 |
| T20 લીગ | 153 | 150 | 4340 | 207 | 5/35 | 3 | 1 |

## BCCIએ ટીમ ઈન્ડિયાના ટાઈટલ સ્પોન્સરશીપ માટે બોલી આમંત્રિત કરી

**રિયલ** મની ગેમિંગ અને ક્રિપ્ટોકરન્સીમાં કામ કરતી કંપનીઓને બોલી લગાવાથી પ્રતિબંધિત કરાઈ

**એશિયા** કપમાં ટીમ ઈન્ડિયા ટાઈટલ સ્પોન્સર વગર ઉતરશે

**તમાકુ,** દારૂ અને જાહેર નૈતિકતાને નુકસાન પહોંચાડતી કોઈપણ વસ્તુની કંપનીઓ પણ બોલી લગાવી શકશે નહીં

નવી દિલ્હી, તા. 2 (પીટીઆઈ): ફેન્ટસી સ્પોર્ટ્સની વિશાળ કંપની ડ્રીમ-11 ખસી ગયા બાદ, BCCIએ મંગળવારે ભારતીય ક્રિકેટ ટીમના ટાઈટલ સ્પોન્સરશિપ અધિકારો માટે બિડ મગાવી છે, જેમાં રિયલ મની ગેમિંગ અને ક્રિપ્ટોકરન્સીમાં કામ કરતી કંપનીઓને બાકાત રાખવામાં આવી છે કારણ કે સરકારે આવી કંપનીઓ પર પ્રતિબંધ મૂક્યો છે.

ડ્રીમ-11એ તાજેતરમાં 'ઓનલાઈન ગેમિંગના પ્રમોશન અને રેગ્યુલેશન એક્ટ 2025'ને કારણે તેની રિયલ મની ગેમ્સ બંધ કરી દીધી છે. આ કાયદામાં જણાવાયું છે કે 'કોઈ પણ વ્યક્તિ ઓનલાઈન મની ગેમિંગ સેવાઓ ઓફર કરશે નહીં, મદદ કરશે નહીં, પ્રોત્સાહન આપશે નહીં, પ્રેરિત કરશે નહીં, તેમાં સામેલ થશે નહીં અથવા તેમાં જોડાશે નહીં અને એવી કોઈપણ જાહેરાતમાં સામેલ થશે નહીં જે સીધી કે આડકતરી રીતે કોઈપણ વ્યક્તિને કોઈપણ ઓનલાઈન મની ગેમ રમવા માટે પ્રોત્સાહિત કરે છે.'

BCCIએ Dream11 અને My11Circle સાથે ભારતીય ક્રિકેટ ટીમ અને ઈન્ડિયન પ્રીમિયર લીગ માટે લગભગ 1000 કરોડ રૂપિયાનો ટાઈટલ સ્પોન્સરશિપ સોદો કર્યો હતો.

IEOI ખરીદવાની છેલ્લી તારીખ 12 સપ્ટેમ્બર છે અને બિડ દસ્તાવેજો સબમિટ કરવાની છેલ્લી તારીખ 16 સપ્ટેમ્બર છે. જેના કારણે 9 સપ્ટેમ્બરથી શરૂ થનારા એશિયા કપમાં ભારતીય ટીમ ટાઈટલ સ્પોન્સર વગર ઉતરશે. 'બિડર અથવા તેના જૂથની કોઈપણ કંપનીએ એવી કોઈપણ પ્રવૃત્તિ અથવા વ્યવસાયમાં સામેલ થવું જોઈએ નહીં જે ઓનલાઈન ગેમિંગ એક્ટ 2025 હેઠળ માન્ય નથી', એમ બીસીસીઆઈએ એક નિવેદનમાં કહ્યું હતું.

## દક્ષિણ આફ્રિકાએ ઈંગ્લેન્ડને સાત વિકેટે હરાવ્યું, કેશવ મહારાજની ઘાતક બોલિંગ

**ઈંગ્લેન્ડની** ટીમ પ્રથમ બેટિંગ કરતા 131માં ઓલઆઉટ થઈ

દ. આફ્રિકાએ 20.5 ઓવરમાં લક્ષ્યાંક મેળવ્યો

લંડન, તા. 2: ત્રણ મેચની વનડે સિરીઝની પ્રથમ મેચ હેડિંગ્લેના લીડ્સમાં રમાઈ હતી જેમાં દક્ષિણ આફ્રિકાએ ઈંગ્લેન્ડને 7 વિકેટથી હરાવ્યું હતું. આ જીત સાથે મેહમાન ટીમે સિરીઝમાં 1-0ની સરસાઈ મેળવી હતી.

ટોસ જીતીને દક્ષિણ આફ્રિકાએ ઈંગ્લેન્ડને પહેલા બેટિંગ માટે આમંત્રણ આપ્યું. ઈંગ્લેન્ડની શરૂઆત ખૂબ જ ખરાબ રહી અને બેન ડકેટ માત્ર 5 રનના સ્કોર પર આઉટ થયો હતો.

આ પછી, જો રૂટ (14) અને કેપ્ટન હેરી બ્રુક (12) પણ પેવેલિયનમાં પાછા ફર્યા. ઈંગ્લેન્ડ તરફથી ફક્ત વિકેટકીપર જેમી સ્મિથ ટકી શક્યો હતો, તેણે 54 રનની ઈનિંગ રમી. પરંતુ સતત વિકેટ પડવાના કારણે, ટીમ 3 વિકેટ 102 રનથી અચાનક જ ઓલઆઉટ થઈ હતી અને અંતે 24.3 ઓવરમાં ફક્ત 131 રન બનાવી શકી હતી.

દક્ષિણ આફ્રિકાના કેશવ મહારાજે ઘાતક બોલિંગ કરી અને 5.3 ઓવરમાં 22 રન આપીને 4 વિકેટ લીધી. વિઆન મુલ્ડરે 3 વિકેટ લીધી.

132 રનના લક્ષ્યનો પીછો કરતા, દક્ષિણ આફ્રિકાએ ઝડપી શરૂઆત કરી. ઓપનર એડન માર્કરામે માત્ર 55 બોલમાં 13 ચોગ્ગા અને 2 છગ્ગા સાથે 86 રનની તોફાની ઈનિંગ રમી. વિકેટકીપર રાયન રિકેલ્ટને તેની સાથે 31* રન બનાવીને ઈનિંગ સંભાળી. જોકે, તેઓ વિજયની નજીક પહોંચતા જ દક્ષિણ આફ્રિકાએ થોડા જ સમયમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી. માર્કરામ 86 રન પર આઉટ થયો, ત્યારબાદ કેપ્ટન ટેમ્બા બાવુમા (6) અને ટ્રિસ્ટન સ્ટબ્સ (0) પણ વહેલા આઉટ થયા. પરંતુ ડેવાલ્ડ બ્રેવિસે આવતાની સાથે જ બીજા બોલ પર છગ્ગો ફટકાર્યો અને ટીમને 20.5 ઓવરમાં વિજય અપાવ્યો.

## પાકિસ્તાનના આસિફ અલીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી

**તે** સ્થાનિક અને વિશ્વભરમાં ફ્રેન્ચાઇઝી લીગ ક્રિકેટ રમવાનું ચાલુ રાખશે

લાહોર, તા. 2 (પીટીઆઈ): પાકિસ્તાનના મર્યાદિત ઓવરના મિડલ ઓર્ડર બેટ્સમેન આસિફ અલીએ મંગળવારે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી.

ફૈસલાબાદના 33 વર્ષીય ખેલાડીએ 2021 અને 2022માં T20 આંતરરાષ્ટ્રીય વર્લ્ડકપ અને 2019માં ઈંગ્લેન્ડમાં રમાયેલા મેન્સ વનડે વર્લ્ડકપમાં પણ પોતાના દેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

આસિફે કહ્યું કે 'પાકિસ્તાનની જર્સી પહેરવી તે સૌથી વવર્ની ક્ષણ હતી' અને તે સ્થાનિક અને વિશ્વભરમાં ફ્રેન્ચાઈઝી લીગ ક્રિકેટ રમવાનું ચાલુ રાખશે.

જમણા હાથના આ બેટ્સમેનએ પાકિસ્તાન માટે 21 વનડે અને 58 T20I રમ્યા છે, જેમાં ત્રણ અડધી સદીની મદદથી 959 રન બનાવ્યા છે.

અલીની સૌથી યાદગાર ઈનિંગ 2021ના T20 વર્લ્ડકપમાં અફઘાનિસ્તાન સા મે હતી જ્યારે પાકિસ્તાનને સુપર 12 સ્ટેજ મેચમાં બે ઓવરમાં જીતવા માટે 24 રનની જરૂર હતી. તેણે માત્ર સાત બોલમાં 25 રન બનાવ્યા અને આ દરમિયાન, તેણે ફાસ્ટ બોલર કરીમ જનત સામે 19મી ઓવરમાં ચાર સિક્સર ફટકારીને પાકિસ્તાનને અપસેટથી બચાવ્યું.

**આસિફ અલીની કારકિર્દીના આંકડા**

| ફોર્મેટ | મેચ | ઈનિંગ | રન | સર્વોચ્ચ | સરેરાશ | 100 | 50 |
|---|---|---|---|---|---|---|---|
| વનડે આંતરરાષ્ટ્રીય | 21 | 16 | 382 | 52 | 25.46 | 3 | 22 |
| T20I | 58 | 51 | 577 | 41* | 15.18 | 0 | 0 |
| ફર્સ્ટ ક્લાસ | 43 | 78 | 1777 | 114 | 24.01 | 2 | 7 |
| લિસ્ટ A | 99 | 90 | 2388 | 138 | 28.42 | 4 | 13 |
| T20s | 302 | 272 | 4737 | 100 | 22.03 | 1 | 15 |

## સુડોકુ ૬૩૧૨ - 'ક્રૂર'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | | | ૩ | | ૫ | |
| | ૪ | ૫ | ૬ | | | ૯ | ૧ | ૩ |
| ૩ | ૮ | ૧ | | | | ૨ | ૬ | ૭ |
| | ૭ | | ૩ | | | ૫ | | |
| | | ૮ | | | | ૧ | ૩ | |
| | | | ૯ | | ૬ | | | ૮ |
| | ૧ | ૪ | ૮ | ૬ | ૭ | | | |
| | ૨ | ૩ | ૧ | ૪ | | | | ૫ |
| ૭ | | | | ૩ | ૨ | ૪ | ૮ | ૧ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૭ | ૨ | ૯ | ૬ | ૮ | ૭ | ૩ | ૧ |
| ૮ | ૧ | ૩ | ૭ | ૨ | ૬ | ૬ | ૯ | ૭ |
| ૯ | ૭ | ૬ | ૧ | ૩ | ૭ | ૨ | ૬ | ૮ |
| ૭ | ૨ | ૧ | ૩ | ૮ | ૭ | ૯ | ૬ | ૬ |
| ૩ | ૬ | ૮ | ૨ | ૯ | ૧ | ૭ | ૮ | ૭ |
| ૭ | ૯ | ૯ | ૮ | ૭ | ૬ | ૧ | ૩ | ૨ |
| ૧ | ૯ | ૮ | ૭ | ૬ | ૨ | ૩ | ૭ | ૬ |
| ૬ | ૩ | ૭ | ૬ | ૧ | ૯ | ૮ | ૨ | ૯ |
| ૨ | ૮ | ૭ | ૬ | ૯ | ૭ | ૬ | ૧ | ૩ |

૨૮૬૩-૭૬૧૭ ક્રિસ્ટિ

## શબ્દગુંફન - ૭૦૫૨

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. જળમાં ફરનારું (૪)
૪. હંમેશ, નિરંતર (૩)
૬. મનનું બળ (૪)
૮. દબાવીને કે ગમે તેમ પીડીને વશ કરવાની નીતિ (૫)
૧૧. ધૂન, મસ્તી (૨)
૧૨. કાપડ તથા કાગળનાં નાના ટુકડા (૪)
૧૫. સંકેત, ઈશારો (૪)
૧૯. નમસ્તે, નમન, પ્રણામ (૩)
૧૯. વનનો રાજા સિંહ (૪)
૨૧. સુંદર સ્ત્રી (૨)
૨૩. આપવું તે (૨)
૨૪. એક વજન (૨)
૨૬. શક, શંકા (૩)
૨૭. ઈજન, નોતરૂં (૩)
૨૯. દેવુ, ઋણ (૩)
૩૦. કઠણ નહિ એવું (૩)
૩૨. આસમાની (૨)
૩૩. હોડી, વહાણ (૨)
૩૪. અભિપ્રાય (૨)

**ઊભીયાવી**

૧. ઉગ્ર, આકરૂં (૩)
૨. બાગ, આનંદ (૩)
૩. કાપડની પહોળાઈ (૨)
૪. સમય, વખત (૨)
૫. ચિંતન (૩)
૬. બુદ્ધિ, અક્કલ (૨)
૭. બચાવેલી રકમ (૩)
૯. પૃથ્વી (૨)
૧૦. નીરેલુ તે ઘાસ (૩)
૧૧. તંગી, અછત (૨)
૧૨. હાથ (૨)
૧૩. દાંત (૩)
૧૪. વસવુ તે, રહેઠાણ (૪)
૧૫. મરે નહિ એવું (૩)
૧૬. સમજણ (૨)
૧૭. પાણીનો કુંડ (૨)
૧૯. જંગલ (૨)
૨૦. રઘુપતિ.... રાજા રામ (૩)
૨૨. સાચવણી, સંભાળ (૪)
૨૩. પાલવ, છેડો (૩)
૨૫. અનુકરણ (૩)
૨૭. મૂલ્ય (૨)
૨૮. પુત્ર (૩)



૨૮૦૭ - ૭૬૧૭ મ્ર્ક્રૈ૮૩૦૨

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

### પ્રમેહ

મૂત્રજનનતંત્ર સાથે જોડાયેલી તકલીફોમાં યૌન અંગમાંથી થતો ચીકણો સ્રાવ એની ચેતવણી છે. ગળોના તાજા રસ 20 મીલીમાં બે ચમચી મધ નાખી રોજ ત્રણ વાર પીવું.

## કમિન્સ ભારત અને ન્યૂઝીલેન્ડ સામેની સફેદ બોલ સિરીઝમાં નહીં રમે



મેલબોર્ન, તા. 2 (પીટીઆઈ): ઓસ્ટ્રેલિયાનો ટોચનો ફાસ્ટ બોલર અને ટેસ્ટ કેપ્ટન પેટ કમિન્સ કમરના દુખાવાના કારણે ભારત અને ન્યુઝીલેન્ડ સામેની આગામી મર્યાદિત ઓવરની સિરીઝમાંથી બહાર થયો છે.

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ જણાવ્યું હતું કે આ વર્ષના અંતમાં ઈંગ્લેન્ડ સામેની એશિઝ સિરીઝને ધ્યાનમાં રાખીને તેના રિહેબિલિટેશનની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

ઓસ્ટ્રેલિયા 1 ઓક્ટોબરથી ન્યુઝીલેન્ડ સાથે ત્રણ ટી20 મેચ રમશે. ત્યારબાદ, તે ભારત સામે ત્રણ વનડે (19-25 ઓક્ટોબર) અને પાંચ ટી20 મેચ (29 ઓક્ટોબરથી 8 નવેમ્બર) રમશે. ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચેની એશિઝ સિરીઝ 21 નવેમ્બરથી પર્થમાં શરૂ થશે.

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'ભારત અને ન્યુઝીલેન્ડ સામેની આગામી મર્યાદિત ઓવરની સિરીઝ માટે કમિન્સને ટીમમાં પસંદ કરવામાં આવશે નહીં અને તે દરમિયાન તે રિહેબિલિટેશન પર રહેશે.'

## ફુટબોલ ઈતિહાસમાં સૌથી મોંઘુ ટ્રાન્સફર, પ્રિમિયર લીગ ટીમોએ 4 બિલિયન ડોલરથી વધુ ખર્ચ કર્યા

**લિવરપુલે** એલેક્ઝાન્ડર ઇસાકને ન્યુકાસલમાંથી રેકોર્ડ ફી 170 મિલિયન ડોલર પર સાઇન કર્યો

**ઈંગ્લિશ** ક્લબ્સનો ખર્ચ સ્પેન, ઈટાલી, ફ્રાન્સ અને જર્મનીના ક્લબ્સના કુલ ખર્ચ કરતાં પણ વધુ

લંડન, તા. 2 (એપી): લિવરપૂલે આખા સમર ટ્રાન્સફર માર્કેટનો સૌથી મોટો બોમ્બ અંતે ફોડ્યો. આશરે 570 મિલિયન ડોલર ખર્ચ્યા બાદ છેલ્લે તેણે અલેક્ઝાન્ડર ઇસાકને ન્યુકાસલમાંથી રેકોર્ડ ફી 170 મિલિયન ડોલર પર સાઇન કર્યો. ઈંગ્લિશ ફૂટબોલમાં આ સૌથી મોંઘો ટ્રાન્સફર ગણાય છે. સોમવારે વિન્ડો બંધ થઈ ત્યાર સુધી પ્રિમીયર લીગના ક્લબો દ્વારા 4 બિલિયન ડોલરથી વધુની રકમ ખર્ચી હતી. લિવરપૂલ પહેલેથી જ પ્રીમિયર લીગનો રેકોર્ડ-ટાઈંગ 20મો ખિતાબ જીતી ચૂક્યું છે, અને હવે ટીમને વધુ મજબૂત બનાવવા માટે જર્મન મિડફિલ્ડર 'ફ્લોરિયન વર્ટ્ઝ' અને યુવાન ફ્રેન્ચ સ્ટ્રાઇકર 'હ્યુગો એકિટિકે'ને પણ ઉમેર્યા છે. જોકે, ઈંગ્લેન્ડના ડિફેન્ડર 'માર્ક ગુએહી'ને સાઇન કરવામાં ટીમને સફળતા મળી નથી. આ સીઝનમાં ઈંગ્લિશ ક્લબ્સે પૈસાનો એવો વરસાદ કર્યો કે બાકીની યુરોપની મોટી લીગ્સ મળી જાય તો પણ તેટલું ખર્ચાયું નહીં. માત્ર પ્રીમિયર લીગના 20 ક્લબ્સે મળીને 4.15 બિલિયન ડોલરથી વધુ ખર્ચ કર્યા. સરખામણીમાં સ્પેન (800 મિલિયન ડોલર), ઇટાલી (1.4 બિલિયન ડોલર), ફ્રાન્સ (750 મિલિયન ડોલર) અને જર્મનીના ક્લબ્સે (1 બિલિયન ડોલર) મળીને પણ એટલા ખર્ચ કર્યા નથી. બીજી બાજુ આર્સેનલે પણ મોટું રોકાણ કર્યું - ઇબેરેચી એઝે, વિક્ટર ગ્યોકેરેસ જેવા સ્ટાર્સ સાઇન કર્યા. ન્યુકાસલએ ઇસાકના પૈસાથી યોએન વિસા અને નિક વોલ્ટેમેડેને સાઇન કર્યા. ટોટનહેમે ફ્રાન્સનો સ્ટ્રાઇકર કોલો મુઆની લોન પર લીધો, જ્યારે એસ્ટન વિલાએ જેડન સાન્ચો અને હાર્વી એલિયટને ઉમેર્યા. માનચેસ્ટર યુનાઇટેડે પોતાના સ્ક્વોડમાંથી કેટલાક ખેલાડીઓને રિલીઝ કરીને નવા ગોલકીપર સેને લેમેન્સને સાઇન કર્યો.

જર્મનીમાં બાયર્ન મ્યુનિકે યેલ્સીમાંથી નિકોલાસ જેક્સનને લોન પર સાઇન કર્યો, અને ફ્રાન્સમાં માર્સેઇલે વર્લ્ડ કપ વિજેતા બેન્જામિન પાવાર્ડને ઉમેર્યો.

લાગે છે કે આ સીઝનમાં પ્રીમિયર લીગનું જ જોર રહેશે.

## આજનું પંચાંગ

**તા. 03/09/2025, બુધવાર**

**વિક્રમ સંવત :** 2081 **શાકે :** 1947
**વીર સંવત :** 2551 **માસ :** ભાદરવો
**તિથિ:** સુદ: અગિયારસ: 28:23
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** ભાદરવો - 12
**યોગ :** આયુષ્યમાન **કરણ:** વણિજ
**નક્ષત્ર :** પૂ.પા. 23:09
**રાશિ:** ઇન (ભ,ઇ,ફ,ઢ) 29:24 પછી મકર (ખ,જ)
**દિવસ :** સામાન્ય- પરિવર્તિની એકાદશી, બુધ પૂર્વમાં અસ્ત
**સુરતમાં સૂર્યોદય :** 06:24 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:52
**નવકારસી :** 07:12
**પારસી વર્ષ :** 1395, ફરવરદીન માસનો 20મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, રબીઉલ અવલ માસનો 10મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ,
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુ કાળ :** બપોરે:- 12:00 થી 13:30 સુધી

**મેષ (અ,લ,ઇ,):** નવા કામની શરૂઆત થાય. આવક-વધારવાની યોજના પાર પડે. પ્રવાસમાં મિલન મુલાકાત થાય.

**વૃષભ (બ,વ,ઉ,):** કાયદા કાનૂન-વીલ-વારસા અને વીમા એજન્સી જેવા કામ થાય. આંખોની કાળજી લેવી.

**મિથુન (ક,છ,ઘ,):** કારોબાર કે વેપાર ધંધામાં નવા સોદા અને સંબંધો મજબૂત બને. ભાગીદારીમાં અનુકુળતા રહે.

**કર્ક (ડ,હ,):** વિરોધીઓનો ભય સતાવે. નોકરીમાં પ્રગતિ થાય. આરોગ્ય નરમ-ગરમ રહે. ખર્ચા વધે.

**સિંહ (મ,ટ,):** મોજ શોખના ધંધામાં લાભ થાય. નવું શીખવા મળે. શેરબજારનો કામ થાય. પ્રેમમાં સાથ મળે.

**કન્યા (પ,ઠ,ણ,):** દુકાન, ઓફિસ, જમીન, મકાન વગેરે ખરીદવાની અનુકુળતા થાય. નોકરીમાં નવા ફેરફાર થાય.

**તુલા (ર,ત,):** શુભ સમાચાર મળે. અચાનક પ્રવાસમાં લાભ થાય. શિક્ષણ, દલાલી જેવા કામમાં પ્રગતિ.

**વૃશ્ચિક (ન,ય,):** આવકમાં વધારો થાય. કોમ્યુનિકેશન બાબતે સાવધાન, કોઈની વાતોમાં આવવું નહીં.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ઈચ્છીત કામમાં પ્રગતિ થાય. આવકના રસ્તા ખુલે. હરીફોની પીછે હઠ થાય. સમાજમાં માન વધે.

**મકર (ખ,જ,):** પડવા-વાગવાથી સાવધાન રહેવું. કોઈના જામીન થવુ નહીં. આરોગ્ય નરમ-ગરમ રહે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આવક વધે. નવા રોકાણ થાય. મિત્રો સાથે મનોરંજન થાય. પ્રેમમાં સાથ મળે. શેરબજારના કામ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** અટકેલા કામ પાર પડે. જાહેર જીવનમાં સફળતા મળે. આવક વધારવાની યોજના પાર પડે.

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

### કોઇ પણ સાલમાં 03 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ નવી તકો. નવી આશા અને નવા સંઘર્ષ તથા હરીફોનો અનુભવ વધારનાર પુરવાર થશે. નોકરી-ધંધામાં ચડતી-પડતીની સાથે ટેકનોલોજી લાભ અને નવી તકો તેમજ જવાબદારી અને ફેરફારથી નવું શીખવાનું મળશે. સમાજમાં સામાન્ય રહેશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. નવા રોકાણમાં માર્ગદર્શન મળે. નવા નોકરી-ધંધા-વ્યવસાયમાં મિત્રો વગેરેની મદદ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના વર્ષની શરૂઆતમાં પાર પડે. ઊંમરલાયકના વિવાહ થાય. ઉઘરાણીની ચિંતા હળવી થાય. આરોગ્ય સામાન્ય રહે. સંતાનોના અભ્યાસ. કેરિયરમાં અનુકુળતા રહે. વારસો, જાયદાત જમીન જેવા પ્રશ્નોમાં વડીલોની મદદ મળે. વિદેશનો કામ આગળ વધે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. ફેબ્રુઆરી- માર્ચ તથા નવેમ્બર-ડિસેમ્બરમાં અનુકુળતા રહેવાથી નવી તકનો લાભ લઈ શકાય . જૂન જુલાઈમાં દોડ-ધામ અને જવાબદારી વધે. ખર્ચા વધશે.